પૂર્વછાયો- વળી લીળા વરતાલની, કહું એકાદશીની અનૂપ ।
પોતે પ્રભુજી પધારિયા, શ્યામળિયો સુખરૂપ ॥૧॥
સુંદર સમૈયો આવિયો, કાર્તિક શુદી એકાદશી ।
આવ્યો દિન ઉત્સવનો, કહે સંતને હરિ હુલશી ॥૨॥

અવશ્ય સમૈયો આપણે, કરવો તે વરષો વરષનો ।
સતસંગી ત્યાં સહુ મળે, લિયે લાભ દર્શ સ્પર્શનો ॥૩॥
એમ કહિને કંકોતરી, મેલી લખીને મહારાજ ।
વરતાલ વહેલા આવજ્યો, સતસંગી સહુ મુનિરાજ ॥૪॥

ચોપાઇ- પછી પોતે થયા છે તૈયાર, સંગે લઈ સખા અસવાર ।
પહેર્યાં અંબર સુંદર અંગે, શોભે શ્યામળો સખાને સંગે ॥૫॥
કરે મજલે મજલે મુકામ, પૂરે જનના મનની હામ ।
કારીયાણી કમીયાણું ગામ, આવ્યા આડેવે સુંદર શ્યામ ॥૬॥
ત્યાંથી વાલો આવ્યા વરતાલ, નિર્ખિ જન થયા છે નિહાલ ।
જન જોઈ પામ્યા છે આનંદ, જયજય બોલે જનવૃંદ ॥૭॥
દિયે દર્શન પ્રસન્ન નાથ, નિર્ખિ સુખ લિયે સહુ સાથ ।
હરિ હસિ જોયું સહુ સામું, પુરી જનના મનની હામું ॥૮॥
જન જોડી ઉભા સહુ હાથ, આપો આગન્યા અમને નાથ ।
કરાવિયે રસોઈ તમ કાજ, જમો મહેર કરીને મહારાજ ॥૯॥
હરિએ ભાવ ભગતનો જોઈ, કહ્યું કરો ઉત્તમ રસોઈ ।
પછી જને ભોજન બનાવ્યાં, જમ્યા જીવન તે મન ભાવ્યાં ॥૧૦॥
પછી વસન ભૂષણ પહેરાવી, કરી આરતી તે મન ભાવી ।
પછી જન લાગ્યાં સહુ પાય, રહેજ્યો નાથજી અંતરમાંય ॥૧૧॥
અમે છીએ નાથજી તમારાં, સગાં સંબંધી સહુ અમારાં ।
તેને કહે છે હસિ જીવન, સારું કરજ્યો સહુ ભજન ॥૧૨॥
એમ જમે જનને ઉતારે, જન જમાડી કારજય સારે ।
કોઈ ચરચે ચંદન ઉતારી, કોઈ છાંટે ગુલાબનાં વારિ ॥૧૩॥
કોઈ ચોળે અત્તર આવી અંગે, કોઈ પહેરાવે હાર ઉમંગે ।
કોઈ તોરા ગજરા ફુલના, પહેરાવે હાર મોંઘા મુલના ॥૧૪॥
એમ લાવો લિયે સહુ જન, પ્રભુ છે સહુ પર પ્રસન્ન ।
પછી એમ બોલ્યા અવિનાશી, સુણો સતસંગી મુનિ સંન્યાસી ॥૧૫॥
જુવો રાધાકૃષ્ણની મૂરતિ, અમારી પણ શોભે છે અતિ ।

તેમ નારાયણ લક્ષ્મીપતિ, સારાં શોભે છે ધર્મ ભગતિ ॥૧૬॥
થયો જેદિથી એહનો સ્થાપ, થયાં તેદિથી સહુ નિષ્પાપ ।
એમ વાત કરે છે મહારાજ, સુણે સત્સંગી મુનિરાજ ॥૧૭॥
સાંભળી જન હરખ્યાં અપાર, જયજય બોલે નરનાર ।
તેદિ વ્રત હતું એકાદશી, પુરી દીપમાળા તેહ નિશિ ॥૧૮॥
તિયાં બપોરીયા અંજવાળે, નાથ સભા ઉભા થઈ ભાળે ।
આજ મળ્યાં મનુષ્ય અપાર, બહુ પુરુષ ને બહુ નાર ॥૧૯॥
સારા સમૈયા સુંદર થયા, એમ કહિને હરિ હસિયા ।
પછી દ્વાદશી પારણાં કરી, આવી બેઠા છે ચોતરે હરિ ॥૨૦॥
તિયાં વાજીંત્રા વાજે અપાર, કરે દર્શન સહુ નરનાર ।
લાવે પૂજા પૂજવા આધાર, ફળ ફુલ ને અમૂલ્ય હાર ॥૨૧॥
તેણે શોભે છે શ્યામ મૂરતિ, થાય ઉત્તર પ્રશ્ન અતિ ।
એમ લીળા કરે ભગવાન, દિયે દનભર દર્શનદાન ॥૨૨॥
સર્વે સુખ લિયે જન જોઈ, એમ કરતાં વિત્યા દન દોઈ ।
પછી આવ્યો પુન્યમનો દન, આવ્યા દરશને બહુ જન ॥૨૩॥
તેને દર્શન દિધાં દયાળે, અતિ સામર્થ્ય સહિત કૃપાળે ।
તેતો દર્શન કરીને ગયા, સતસંગી ત્યાં સર્વે રહ્યા ॥૨૪॥
પછી સાંજે પૂરી દીપમાળ, બેઠા આસન ઉચ્ચે દયાળ ।
સર્વે જન જોઈ રહ્યા સામું, નિર્ખિ નાથ પૂરે હૈયે હામું ॥૨૫॥
પછી નાથ બોલ્યા એમ વાણ, સર્વે સાંભળો સંત સુજાણ ।
પૂરો થયો ઉત્સવનો દન, જાજ્યો જ્યાં જ્યાં કહ્યું ત્યાં જન ॥૨૬॥
કાંઈક સંત રહેજ્યો અમ સાથ, જાવું સુરત બોલ્યા એમ નાથ ।
એમ કહીને ઉભા થયા વળી, આવો મળિયે મંડળી મંડળી ॥૨૭॥
અલબેલોજી અઢળ ઢળ્યા, સર્વે સંતને હેતે શું મળ્યા ।
સંત ચાલ્યા સહુ શિખ માગી, પ્રીતે પાય પ્રભુજીને લાગી ॥૨૮॥
પછી પોતે કરી છે તૈયારી, ચાલ્યા સુરતપર સુખકારી ।
અલબેલોજી અંતરજામી, આવ્યા બોચાસણે બહુનામી ॥૨૯॥

તિયાં સુંદર કરી રસોઈ, જમ્યા નાથ સખા સંત સોઈ ।
રહી રાત્ય ચાલ્યા તતકાળ, આવ્યા દેવાણે દીનદયાળ ॥૩૦॥
પુરપતિ સુમતિ છે સારો, કર્યો તેને તે ઘેર ઉતારો ।
સહુ રાજી થયા નિજજન, કરી મહારાજનાં દરશન ॥૩૧॥
સુંદર કરાવી સારી રસોઈ, જમ્યા નાથ ભાવ તેનો જોઈ ।
કરવા અનેક જીવનાં કાજ, પછી મહી ઉતર્યા મહારાજ ॥૩૨॥
તેને તડે આવ્યું તળાવ, તિયાં બેસી બોલ્યા પછી માવ ।
આંહિથી આવશે કોણ ગામ, કિયાં કરશું આજ વિશરામ ॥૩૩॥
તૈયે એક બોલ્યો હરિજન, વાલા આવો અમારે ભવન ।
પછી મુનિ એકે જોડ્યા હાથ, હવે સિધા પધારિયે નાથ ॥૩૪॥
બહુ દિનની અર્જી છે મારી, પ્રભુ પૂરી કરો ત્યાં પધારી ।
ત્યાંથી નાથ થયા અસવાર, ઉતર્યા ગામ કારેલી બહાર ॥૩૫॥
તિયાં કરાવ્યો સુંદર થાળ, જમ્યા દયા કરીને દયાળ ।
આપી સખાને સુખડી સારી, રહ્યા રાત્ય તિયાં સુખકારી ॥૩૬॥
ત્યાંથી ચાલ્યા છે દીનદયાળ, મહેર કરી સંભાર્યા મરાળ ।
જાઓ લાવો મુનિને બોલાવી, કરે દર્શન સંત સહુ આવી ॥૩૭॥
પછી ત્યાંથી ચાલ્યા અલબેલ, ચાલે વેગે કરે નહિ વેલ ।
આવ્યું અરણ્યે એક સરોવર, તિયાં ઉતર્યા શ્યામ સુંદર ॥૩૮॥
નાહ્યા નીર જોઈ નિરમળ, પૂજા કરી પિધાં મિષ્ટ જળ ।
પછી ત્યાંથી થયા અસવાર, આવ્યા આમોદ્યે પ્રાણઆધાર ॥૩૯॥
તિયાં ભટ્ટ વસે દીનાનાથ, સદા રહે છે જે શ્યામને સાથ ।
વળી વણિક હરજીવન, નિર્ખિ નાથને થયો મગન ॥૪૦॥
પછી ઉભો જોડી આગે હાથ, કરો ભોજન રહો આંહિ નાથ ।
ત્યારે શ્યામ કહે સાંભળો જન, કરાવજ્યો મુનિને ભોજન ॥૪૧॥
એમ કહિને ચાલિયા સ્વામી, આવ્યા ગામ બુવે બહુનામી ।
તિયાં ભક્ત વસે કાનદાસ, આવ્યા તેને ઘેર અવિનાશ ॥૪૨॥
કરી ભોજન રજની રહ્યા, તિયાં ઉત્તર ને પ્રશ્ન થયા ।

આવ્યા ત્યાં મોટા મહિપતિ, નિર્ખિ નાથને કરી વિનતિ ॥૪૩॥
પ્રભુ અમે તમારા જો છીએ, ઘણું ઘણું મુખથી શું કહીએ ।
તિયાં કવિએ કર્યું સ્તવન, દ્વિજ નામ તે ગોવરધન ॥૪૪॥
સુણી નાથે કર્યો સતકાર, તેં કહ્યા એવા છે જગદાધાર ।
એમ કહી ઉઠ્યા અવિનાશી, સદા શ્યામ સુંદર સુખરાશી ॥૪૫॥
રહ્યા રાત્ય સુખે એહ ઠામ, પછી આવ્યા છે કેલોદ ગામ ।
તિયાં પુર્યો જન મન ભાવ, ત્યાંથી આવી ઉતર્યા તળાવ ॥૪૬॥
સુંદર સારું ત્યાં શરકરા વારી, કરી પાન ચાલ્યા સુખકારી ।
આવ્યા શહેર ભરૂચમાં શ્યામ, પૂરી જનના મનની હામ ॥૪૭॥
પછી ત્યાર કરાવિયાં ઝાઝ, સંઘે સહિત ઉતર્યા મહારાજ ।
નદી નર્મદા નામે તે સઈ, સ્પર્શિ ચરણ પાવન થઈ ॥૪૮॥
ઘડી બેઠા વાલો તેને તટ, તિયાં રાજી કર્યા છે ખેવટ ।
ત્યાંથી ચાલ્યા ચતુર સુજાણ, કર્યાં અંકલેશ્વરે મેલાણ ॥૪૯॥
આવી પાય લાગ્યો પુરપતિ, આજ આવ્યા નાથ અમવતિ ।
હતી ઘણા દિવસની હામ, આજ નિર્ખિ સર્યાં મારાં કામ ॥૫૦॥
દઈ દરશન તેને દયાળ, પછી જમ્યા નાથ ને મરાલ ।
પછી વેલ્ય પર પોઢ્યા શ્યામ, રહ્યા રાત્ય વાલો એહ ગામ ॥૫૧॥
થયું સવાર ચાલિયા સંત, સંઘ ભેળા શોભે ભગવંત ।
કહે સખાને શ્રી ભગવાન, હાલો હવે જાઈએ હિન્દુસ્થાન ॥૫૨॥
સુંદર જનમભૂમિ અમારી, એમ કહે સખાને સુખકારી ।
એવી વાત કહેતાં વાટમાંઇ, આવી નદી ઉતરીયા ત્યાંઇ ॥૫૩॥
કરી સ્નાન પૂજા એહ ઠામ, સુંદર સાથું જમી ચાલ્યા શ્યામ ।
શોભે સખા સંગે વાલો આપ, નિર્ખિ નરનારી થાય નિષ્પાપ ॥૫૪॥
ત્યાંથી આવી છે એક તલાઇ, શોભે વૃક્ષ ત્યાં સુંદર છાઇ ।
તિયાં ભદ્ર થયા ભગવાન, દીધાં દાસને દરશન દાન ॥૫૫॥
ત્યાંથી ચાલિયા દીનદયાળ, આવ્યા નાથજી ગામ કોશાલ ।
આવી ઉતર્યા વાટિકા જોઇ, તિયાં કરી છે આપે રસોઇ ॥૫૬॥

કર્યાં સુંદર સુરણ શાક, ઘણે ઘીએ પકાવિયા પાક ।
આપે જમી જમાડિયા જન, રહ્યા રજની ત્યાં ભગવન ॥૫૭॥
તિયાં આવ્યા સુરતના વાસી, નરનારી જે પ્રકટ ઉપાસી ।
રથ વેલ્ય લાવ્યા ઘણી ગાડી, જેમ મેઘ ગરજે અષાડી ॥૫૮॥
પૂર્વછાયો- કહું લીળા હું કેટલી, એક જીભે જશ અપાર ।
અનંત લીળા લાલની, કોય નર ન પામે પાર ॥૫૯॥
પછી ત્યાંથી પધારિયા, ઉતર્યા તાપી તીર ।
સંઘે સહીત શ્યામળો, નાહ્યા નિરમળ નીર ॥૬૦॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
વરતાલ્યે પ્રબોધનીનો ઉત્સવ કર્યો એ નામે ચોરાણુંમું પ્રકરણમ્ ॥૯૪